# ઊલટા ફેરા

પાછલી રાતે બારીએ ટકોરા પડ્યા. 'બા, બારણું ખોલો...' સાવ દબાયેલો અવાજ આવ્યો.

દીકરીનાં લગ્નની છેલ્લીવેલ્લી તૈયારીઓ આટોપીને ઘર આખુંય થાકીને જંપી ગયું હતું, માત્ર કુહૂના હૈયાનાં અરમાનો જેવી રોશની ઘર પર ઝબૂકતી જાગતી હતી. હજી કલાકેક પહેલાં જ લાંબા નિસાસા સાથે નિદ્રાધીન થયેલાં ચંપાબા ગાઢ ઊંઘમાં હતાં. આગંતુકે જરાક જોરથી ટકોરો દીધો ને સહેજ ઊંચે અવાજે બોલ્યો : બારણું ખોલો ને, બા! સપનામાં સાંભળેલ કોલાહલથી ઝબકીને જાગ્યાં હોય તેમ ચંપાબા સફાળાં બેઠાં થઈ ગયાં.

'કોણ એ?' કહેતાં એમનો અવાજ ધ્રૂજી ઊઠ્યો.

'એ તો હું બા!' અવાજ ઓળખાયો ને આખો દિવસ પ્રતીક્ષામાં જલતો રહી, રાતે રામ થઈ ગયેલો કુટુંબની આશાનો દીવો ફરી પ્રજ્વળી ઊઠ્યો. ચંપાબા હળવેથી બારણું ખોલીને બહાર દોડ્યાં. આવનારને ભેટી પડતાં, એમની આંખોમાંથી આંસુની સરવાણી ફૂટી.

'આવી ગયો મારો લાલ, લોક ભલે ગમે તે કહે, મારું મન કહેતું હતું કે, તું આવશે જ!' આવનારના કાનમાં બોલતાં હોય, તેમ ચંપાબા ગણગણ્યાં.

આગંતુકના હાથમાં એક નાની સૂટકેસ હતી. ઉંબરો ઓળંગતાં પળભરમાં તો એની આંખો સામેથી કડવી-મીઠી સ્મૃતિઓનો આખેઆખો કાફલો પસાર થઈ ગયો.

'નાલાયક, નીકળી જા, અત્યારે ને અત્યારે મારા ઘરમાંથી... જા, ફરી ક્યારેય તારું મોં ન બતાવતો!' હીંચકા પરથી કૂદીને ભીંતે ચડી બેઠેલા બાપુજી જાણે હજીય ફિટકાર વરસાવી રહ્યા હતા.

એણે જોયું કે પંદર વરસ પછી પણ અહીં બાપુજીની હાજરી સિવાય બીજું કાંઈ બદલાયું નહોતું. સોફાના ઘસાઈ ગયેલા રેક્ઝીન જેવા અભાવોને મખમલની જાજમથી છાવરીને બેઠેલો દીવાનખંડ, ઘરની દરેકેદરેક વ્યક્તિ માટે પોતપોતાનો એક અલાયદો ખૂણો ફાળવીને બેઠેલો દીવાનખંડ; મધ્યમવર્ગનું સંયુક્ત કુટુંબ વસતું હોય, તેવા કોઈ પણ ઘરનો હોય, તેવો જ એ દીવાનખંડ. એને એક છેડે બારી પાસે બાની પથારી હતી ને બીજે છેડે સૌથી નાના ભાઈની. એણે કલ્પના કરી કે બે શયનખંડમાંથી એકમાં વચલો ભાઈ, એની પત્ની તથા એનો નાનો બાબો સૂતાં હશે ને બીજામાં વહાલી દીકરી કુહૂ, વચલાની બેબી સપના અને નિયતિ સૂતાં હશે કદાચ... નિયતિનું નામ યાદ આવતાં જ શિયાળાને પરોઢિયે પણ એને કપાળે પરસેવો બાઝ્યો. એનું આખું શરીર ઝેર ઓકતું હોય તેવું લાગ્યું. એને પાછા ચાલ્યા જવાની ઇચ્છા થઈ આવી, પણ હવે એ શક્ય નહોતું. એ અંદર આવી ચૂક્યો હતો ને હળવે-હળવે ઊઠવા લાગેલાં સ્વજનોથી ઘેરાઈ રહ્યો હતો. થોડી વારે સામેના રૂમમાંથી નિયતિ બહાર નીકળી ને નતમસ્તક રસોડા તરફ ચાલી ગઈ. આગંતુકે ત્રાંસી આંખે નોંધ્યું કે નિયતિ હજીય પહેલાં જેટલી જ સ્લીમ હતી ને વિખરાયેલાં વાળ સાથે પણ આકર્ષક દેખાઈ રહી હતી.

નિયતિનું હૃદય જાણે અંદર ડાકલાં વાગતાં હોય, તેવું ધડકી રહ્યું હતું. ફ્રિજ ખોલીને ઠંડા પાણીની બૉટલ પકડતાં એના હાથ ધ્રૂજી રહ્યા હતા. આટલાં વરસે માંડ શાંત થયેલ એનું મન અચાનક ડહોળાઈ ગયું હતું. બૉટલ હાથમાં લઈને, ગ્લાસમાં પાણી રેડ્યા વિના એ શૂન્યમનસ્ક ઊભી રહી. પંદર વરસ પહેલાંની એ ગોઝારી રાત ભૂતાવળની જેમ ડારતી એની આસપાસ ચકરાઈ રહી હતી. એ રાતે બાપુજીનો ગુસ્સો ને દીકરાનો અહમ્ બંને સાતમે આસમાને હતા. બાપ-દીકરા વચ્ચે આવા ઝઘડા ઘણી વાર થતા, પણ એ રાતે વાત છેક જ વણસી ગઈ. બાપુજી જાકારો દઈ બેઠા ને દીકરો અડધી રાતે ઘરનો ઉંબરો ઓળંગીને કાયમ માટે ચાલ્યો ગયો. ન એની પાસે નોકરી, ન કાંઈ આવક. કુહૂ ત્યારે આઠ વર્ષની હતી.

'ચાલ નિયતિ' એણે બરાડતાં કહેલું, ને નાજુક નાનકડી કુહૂના વિચારે એનાથી ઉંબરો નહોતો ઓળંગાયેલો. એણે તો ધારેલું કે કાલે સવારે સમાધાન થઈ જશે ને સૌ સારાં વાનાં થશે, પણ એ તો ગયો તે ગયો, ક્યારેય પાછો ન ફર્યો. પાછળથી તો એની સાથે ન જવા બદલ એ ઘણુંય પસ્તાઈ હતી, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. એકાદ વર્ષ પછી પરદેશથી બા ઉપર છાના ફોન આવવા શરૂ થયા હતા એના. કુહૂ સાથે પણ એણે સંપર્ક જાળવી રાખ્યો, પણ નિયતિ સામે એકેય વાર ન જોયું! ત્રણેક વરસ એમ જ વીત્યાં, ત્યારે એક દિવસ નિયતિને માથે આભ તૂટી પડેલું. સમાચાર આવેલા કે પરદેશમાં એણે ધર્માંતર કરીને કોઈ બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લીધાં છે. બીજાં બે વરસ પછી નિયતિને ખબર પડી કે એને હવે એક દીકરી પણ છે. કુટુંબે આ વાત સમાજથી છુપાવી રાખી ને એણે કુહૂ ખાતર સાસરાના કુટુંબને વળગી રહેવાનું નક્કી કર્યું.

'આર યૂ ઓકે મૉમ? કેમ તને પાણી લાવતાં આટલી બધી વાર લાગી? લાવ હું જ લઈ જાઉં છું.' કુહૂએ નિયતિના હાથમાંથી ટ્રે સરકાવી લીધી. કુહૂના મેંદી રચેલા હાથ પરથી ઊઠતી નિલગિરિના તેલની સુગંધથી નિયતિ જાણે મૂર્છામાંથી જાગી.

'ચિઅર અપ મૉમ, આર યૂ નર્વસ?' કુહૂ પાછી ફરીને એને વહાલ કરતાં પૂછી રહી હતી. કુહૂની નિર્દોષ આંખો અસમંજસથી તરબતર હતી. નિયતિએ એનું કપાળ ચૂમ્યું. ચા-નાસ્તાની ટ્રે મોકલ્યા પછી પણ દીવાનખંડમાં જવાની એની હિંમત ન થઈ, ન તો કોઈએ એને બહાર બોલાવી. અપરાધભાવથી અચકાતી એ બારણાની ઓથે ઊભી રહી ને મિજાગરાની ફાંટમાંથી આગંતુકનો ચહેરો નિહાળતી રહી. આધેડ વયે પણ તે હજી યુવાન લાગી રહ્યો હતો. એને તેની નીલી આંખો ગમતી. ઘણી વાર એ તેનો ચહેરો બે હાથ વચ્ચે પકડીને, તેની આંખોમાં પડતું પોતાનું પ્રતિબિંબ જોતી રહેતી. નિયતિને યાદ આવ્યું કે તેની ડોક પરની મુલાયમ ચામડીનો સ્પર્શ પણ એને ગમતો. એને લાગ્યું કે એને ગમતી હતી તે નીલી આંખો પર કોઈ અજાણ્યા હોઠોની લિપસ્ટિકના લાલલાલ ડાઘ લાગેલા હતા. આગંતુકના ચહેરા પર, ડોક પર, એના આખા શરીર પર કોઈ અદશ્ય શરીરની છાપ ઊઠી આવી હતી જાણે!

'કાલે રાતે તો અમે આશા જ મૂકી દીધી હતી. વેવાઈને કાલે શું મોઢું બતાવશું? તેની ચિંતામાં મને તો ઊંઘ પણ નહોતી આવતી. લોકને કેટલું સમજાવવું? આવશે જ ને એ તો! રજા મળવાનો વાંધો છે, વિઝાની ગૂંચ છે કાંઈક, કૉન્સ્યુલેટના કાયદા, એમાં આપણું કાંઈ ન ચાલે... કેટલાં બહાનાં ને કેટલું જૂઠાણું ચલાવવું પડ્યું અમારે! ને તારા તો કાંઈ કરતાં કાંઈ સમાચાર જ નહીં. તારે ફોન તો રિસીવ કરવો જોઈએ ને! જ્યારે હોય ત્યારે અમારે આન્સરિંગ મશીનની ટેપ સાંભળવાની? તારી દીકરીનો સંબંધ તૂટી ન જાય, એની ચિંતા પણ બસ અમારે જ કરવાની? તારી કોઈ જવાબદારી જ નહીં!' બહારના રૂમમાંથી વચલા ભાઈનો અવાજ આવી રહ્યો હતો.

આગંતુક નતમસ્તકે ચૂપચાપ સાંભળતો રહ્યો. ફરિયાદોનું નક્કર લોખંડ પીગળી રહ્યું હતું ને એના ઉકળાટે ઘરની હવા બોઝિલ બની રહી હતી. વચલાએ અત્યારે આ પ્રકરણ ઉખેળ્યું તે ચંપાબાને ગમ્યું તો નહીં, પણ આજે મોટાના બચાવમાં તેઓ કાંઈ પણ બોલી શકે તેમ નહોતાં. કાલે રાતે તો એમની પણ ધીરજ ખૂટી પડેલી. છેલ્લી ઘડીએ કોઈ વિઘ્ન તો નહીં આવી પડે ને? એવા ધ્રાસકા સાથે મોટાની રાહ જોતી એમની આંખો થાકથી મીંચાવા લાગી, ત્યારે ચંપાબા સાવ નિરાશ થઈ ગયાં હતાં. એમને પોક મૂકીને રડવાનું મન થઈ આવ્યું હતું, પણ સપરમા દિવસની ખુશીઓ ખરડાઈ ન જાય, એ બીકે એમણે પાસું ફરીને આંખો લૂછી કાઢી હતી.

'હું ડૅડી પાસે સૂવાની છું આજે!' કુહૂના ટહુકાએ વાતનો દોર બદલાયો. એ ખૂબ ખુશ દેખાતી હતી. પપ્પાને જોઈને એનો ઉત્સાહ મનમાં સમાતો નહોતો.

એની પથારી દીવાનખંડમાં મારી પાસે જ કરી દો. ચંપાબાનું ફરમાન છૂટ્યું. લગ્નના ઘરમાં નિયતિને ને એને એકાંતનો એકાદ ટુકડો પણ આપી શકાય, તેવી શક્યતા નહોતી. ઘરનાને જાણે એવી જરૂર પણ ન લાગી. બધાં તો બસ, 'કુહૂનો પ્રસંગ સચવાઈ ગયો. હવે કાંઈ વાંધો નહીં આવે' – તેવા સંતોષમાં મગ્ન હતાં. નિયતિએ હૉલમાં બાના ખાટલા પાસે એની પથારી પાથરી. એના માટે ખાસ સાચવીને રાખેલી સફેદ, ઇસ્ત્રીબંધ ચાદર ગાદલા નીચે ખોસતાં નિયતિએ ખાસ ધ્યાન રાખ્યું કે પથારીમાં ક્યાંય કોઈ સળ ન રહી જાય! હા, નિયતિને બરાબર યાદ હતું : એને સળ નહોતા ગમતા.

અંતે બંનેનો એકલાં સામનો થઈ જ ગયો. રસોડામાંથી એ રૂમ તરફ જતી હતી ને એ બાથરૂમમાંથી નીકળ્યો.

'કેમ છો તમે?' નવોઢાની જેમ શરમાતાં નિયતિ બોલી પડી.

'ઓ, હા...ય! હાઉ આર યૂ?' સુક્કો જવાબ આવ્યો.

'શું ફરમાવો છો, મારાં પટરાણી!' કહીને કાયમ બોલાવતો, તે જીવનસાથી તો ક્યારનો ક્યાંય દૂર નીકળી ગયો હોય તેવું એને લાગ્યું.

'આય ઍમ ફાઇન!' સામે મળી ગયેલ અજનબીને એણે ફૉર્મલ જવાબ આપ્યો, ને હળવેથી પોતાના રૂમમાં સરકી ગઈ.

કુહૂની ખાલી પથારીને સહેલાવતી, એ ક્યાંય સુધી જાગતી રહી. થાકીને લોથપોથ થઈ ગયેલું માણસ ઘોરતું હોય, તેવો નસકોરાંનો અવાજ હૉલમાંથી આવવા લાગ્યો. નસકોરાં બોલાવવાની આદત મા-દીકરાની એક સરખી, પણ આજે બાનાં નસકોરાં સંભળાતાં નહોતાં. એણે કલ્પના કરી કે બા કદાચ જાગતાં હશે ને સૂતેલા દીકરાને એકટક જોયા કરતાં હશે.

સવારે વહેલાં ઊઠી જવાનું હતું. તૈયાર થતાં કુહૂ એના વાળમાં મઘમઘતી વેણી શણગારી ગઈ. જરી ભરેલ લાલ ઘરચોળા જેવી સાડીનો છેડો પિનઅપ કરતાં સેફ્ટી-પિનથી એનું ટેરવું વીંધાયું ને લોહીનો ટશિયો ફૂટ્યો. મોંમાં આંગળી દબાવતી, એ આયનાને પૂછતી રહી : 'શું વાંક હતો મારો?'

ઘરને એક ખૂણે આવનાર અને ચંપાબા ગુસપુસ વાતો કરતાં હતાં, તે એને અછડતું સંભળાયું :

'આજે ને આજે ચાલ્યો જશે? મારી પાસે એક દિવસ પણ નહીં રોકાય?'

'ના બા, કોઈ મારી રાહ જુએ છે. મને આટલું આવવા દીધો, એય ઘણું છે. ને પેલી મારી નાનકડી સ્વિટી છે ને, એ તો મારાથી ક્યારેય છૂટી પડી જ નથી. મારા વગર એ જમશે પણ નહીં... આ તો કુહૂ ખાતર આવવું પડ્યું, બાકી આ ઘરમાં...' બાનું ડૂસકું સાંભળીને એ આઘી ખસી ગઈ.

એને યાદ આવ્યું : કુહૂ નાનપણથી જ જરા વધુ સમજણી હતી. એ ઘર છોડીને ચાલ્યો ગયો, ત્યાર પછી કુહૂએ ક્યારેય એને પ્રશ્નો પૂછીને પજવી નહોતી, પણ જ્યારે કુહૂ પોતાની ઢીંગલીને કહેતી કે, 'ખાઈ લે, બેટુ, એવી

જીદ નહીં કરવાની... ડેડી હમણાં જ આવશે. જો તું માનશે નહીં ને તો ડેડી ચાલ્યા જશે!' ત્યારે એની આંખો છલકાઈ આવતી.

કુહૂએ એ સવારે ડેડી સાથે પેટ ભરીને નાસ્તો કર્યો. લગ્ન પોતાનાં નહીં, પણ ડેડીનાં હોય તેમ તેણે આવનારની કાળજી લીધી.

'ડેડી, તમારાં કપડાં પ્રેસ કરી આપું?'

'થેન્ક્સ દીકરા, હું બધું રેડી કરીને જ આવ્યો છું.'

'મારો બેટો તો બહુ ડેશિંગ લાગે છે ને!'

'કમ ઑન ડેડ, યૂ લુક સ્માર્ટર ધેન મી. આફ્ટર ઑલ ડેડ કોના છે!'

ભૂલથી ઘરમાં પ્રવેશી ગયેલા પારેવા જેવા ફફડતા અવાજો એના મનની આંધળી ભીંતો સાથે ક્યાંય સુધી અફળાતા રહ્યા ને પછી પંખી ચક્કર-ચક્કર ફરતા પંખા સાથે ભટકાઈને એક ખૂણામાં ફસડાઈ પડે, તેમ ઢળી પડ્યા.

જરી ભરેલા અચકન અને સાફામાં એ આજેય વરરાજા જેવો લાગતો હતો. ઘરચોળા જેવી લાલચટ્ટાક સાડીમાં નિયતિ પણ કાંઈ કમ નહોતી લાગતી. જુગતે જોડી લાગે, તેવાં એ બંનેએ આજનો દિવસ પળપળ, પગલેપગલે સાથે ને સાથે ચાલવાનું હતું. જાનનું સ્વાગત કરવા, વરને પોંખવા, કન્યાદાન કરવા, ને પછી કન્યાવિદાય સુધી...

*'તદેવ લગ્નમ્ સૂદિનં તદેવ*
*તારા બલં ચદ્ર બલં તદેવ*
*વિદ્યા બલં દેવ બલં તદેવ*
*લક્ષ્મીપતે તે દ્વિયુગં સ્મરામિ...'*

વેદીની અગનઝાળ સાથે હવામાં ઊઠતા અવાજોનાં વાદળાં બંધાઈને પછી જાણે નિયતિની આંખોમાં ખરી પડતાં હતાં. આખા વિધિ દરમિયાન એ યંત્રવત્ ગોરમહારાજની આજ્ઞાનું પાલન કરતી રહી. સ્ત્રીઓ ઊલટભેર ગાઈ રહી હતી :

*'નાણાવટી રે સાજન બેઠું માંડવે...*
*જેવા ભરીસભાના રાજા, એવા કુહૂબહેનના દાદા...*
જેવી ફૂલડિયાની વાડી, એવી કુહૂબહેનની માડી...'

એને લાગ્યું કે લગ્નવિધિ જાણે એક મોટો કરોળિયો છે ને એનાં જાળાંમાં સાત જનમના સાથનું જીવડું તરફડી રહ્યું છે.

અંતે છેડાછેડી બંધાઈ ને મંગળફેરાની તૈયારી શરૂ થઈ. કુહૂ ખૂશ હતી. એના પગ જાણે થરકી રહ્યા હતા. કંકુનું તિલક અને ગુલાબના હારમાં શોભતા વરની આંખોમાં પણ કુહૂ પ્રત્યેનો પ્રેમ છલકાઈ રહ્યો હતો. પંડિતે વેદીમાં હવિષ્ય હોમ્યું, ને પ્રજળી ઊઠેલી જ્વાળામાંથી ઊઠતો ધુમાડો આવનારનાં ચશ્માંના કાચની પાછળ છવાઈ ગયો. એણે ચશ્માં કાઢી આંખો લૂછી. નિયતિને લાગ્યું કે જાણે કોઈ છાનુંમાનું આવીને એને બાજુમાં ઊભેલ વ્યક્તિ સાથે અદૃશ્ય છેડાછેડીથી બાંધી રહ્યું છે. ફેરા શરૂ થયા. પંડિતના મંત્રોચ્ચાર સાથે નિયતિ પણ જાણે ઊલટા ફેરા ફરવા લાગી. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત... બધા જ વળ એક પછી એક છૂટી રહ્યા હતા ને એ ક્રમશઃ મુક્ત થતી જતી હતી. ફેરા પૂરા થઈ ગયા. એણે જોયું કે કુહૂ અને એનો વર વડીલોના આશીર્વાદ લઈ રહ્યાં હતાં. ચપોચપ ફોટોગ્રાફ પડી રહ્યા હતા. વીડિયોની ફ્લડલાઇટમાં કુહૂના સેંથાનું સિંદૂર અને એનાં આભૂષણો ઝલમલી રહ્યાં હતાં.

વિદાયવેળાએ કુહૂ નિયતિને ભેટીને ખૂબ રડી ને આગંતુક પણ કુહૂને ભેટીને ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો.

કોઈ ધીરગંભીર સ્વરે ગાઈ રહ્યું હતું :

*‘જરીએ જડેલ મેં તને અંબર દીકરી દીધાં મેં ગોતી-ગોતી,*
*સોનાંયે દીધાં ને રૂપાંયે દીધાં, મેં માણેક દીધાં ને મોતી,*
*એક ના દીધું મેં તને આંસુનું મોતી,*
*તને દઉં ના દઉં ને વેરાઈ ગયું.*
*ધીરે રે છેડો રે ઢોલી ઢોલકાં...’*

આખાય ટોળાં પર ઘનઘોર ઉદાસીનું વાદળ છવાઈ ગયું, ને વરસતાં પહેલાં સૌની આંખને ખૂણે આવીને અટકી ગયું.

જાન રંગેચંગે રવાના થઈ. સગુંવહાલું પણ તીરવેગે વિખેરાઈ ગયું. વચલાને માથેથી મોટો ભાર ઊતરી ગયો. કૃતકૃત્યતાનો ભાવ અનુભવતાં ચંપાબા બાપુજીના ફોટાને પગે લાગ્યાં. આગંતુક જવા તૈયાર થયો. બા ડબડબતી આંખે એની પીઠ પસવારવા લાગ્યાં.

‘હું તો હવે ખર્યું પાન કહેવાઉં. આ જ રીતે મારી અર્થી ઉપાડવા પણ જરૂર આવજે, મારા લાલ...’ કહેતાં-કહેતાં બા પોક મૂકીને રડી પડ્યાં.

નિયતિને કાંઈ કહેવાનું નહોતું. ફરી એક વાર રિક્ત નજરે એ જનારને અલોપ થતો જોતી રહી. કોઈ સ્વજન આવીને મૃત વ્યક્તિની ખુલ્લી રહી ગયેલ આંખો બંધ કરે, તેમ એણે પંદર વર્ષની પ્રતીક્ષાનાં પોપચાં સદાને માટે બંધ કર્યાં. કરમાઈ ગયેલી વેણી એણે કચરાપેટીમાં નાખી, કપાળ પરનો ચાંદલો ઉખાડીને અરીસા પર ચોંટાડ્યો ને ફરી પોતાના કામે વળગી.

●

# બારી

શિયાળો પૂરો થયો. બરફ તો ક્યારનોય પીગળી ગયો હતો, પણ કાચની બારી પર હજીય ધુમ્મસની પરતો જામી જતી હતી. શિયાળામાં ઓલ્ડ એઇજ હોમનું વાતાવરણ સાવ નીરસ થઈ જતું. મૅરીને વારંવાર દમના હુમલા આવતા. ક્યારેક એને ઇન્જેક્શન આપવા નર્સ આવતી, તો ક્યારેક રાતવરત ઍમ્બ્યુલન્સની ઘરઘરાટી સંભળાતી. ખાંસીખાંસીને બેવડ વળી જતો પીટર વારંવાર પાડોશીઓની માફી માગ્યા કરતો. લેતિઝિયા ચર્ચમાં જવાને બદલે રૂમમાં જ પ્રાર્થના કરી લેતી. સવારમાં કોઈ ટહેલવા પણ ન નીકળતું. શિયાળામાં તો મુલાકાતીઓ પણ ખાસ દેખાતા નહીં. સ્વાગતકક્ષની સોશિયલ વર્કર કડક કૉફીના સીપ લેતી ચૂપચાપ નવલકથાઓ વાંચ્યા કરતી, અથવા સેલફોન પર ગેઇમ્સ રમ્યા કરતી. બરફની નિરાશાજનક સફેદીની એકલતામાં આખું હોમ લપેટાઈ જતું, પણ એ તો થોડા જ દિવસ. શિયાળો પૂરો થાય ને બાગમાં ક્યારીઓ તૈયાર થવા લાગે. નર્સરીમાંથી નાની ખટારી ભરીને રંગબેરંગી ફૂલોના રોપા આવે. પંદરેક દિવસમાં તો બધી ક્યારીઓ ફૂલોથી છલકાઈ જાય. સૌનો વીકએન્ડ ગ્રૅન્ડ ચિલ્ડ્રનના આગમનથી હર્યોભર્યો થઈ જાય. હૂંફાળા તડકાના આગમને આખો વૃદ્ધાશ્રમ ખુશનુમા જીવંતતાથી છલકાઈ જાય. સૂરજનું સ્વાગત કરવા સૌ બાગમાં ભેગા મળી ગાવા લાગે :

*‘વેલકમ ગુડ ઓલ્ડ સન!*
*ધેર એઇન્ટ નો લવ વ્હેન યૂ ડોન્ટ કમ,*

*લાઇટ અપ ઑલ પ્લેસિઝ,*
*લાઇટ અપ ઑલ ફેસિઝ,*
*ઇલ્યુમિનેટ ધ વર્લ્ડ!'*

સુમિત્રા બારીના કાચ પરથી ભેજ લૂછવા લાગી. ભેજની સાથે જાણે વરસો પણ લુછાતાં ગયાં. એ બારીને અઢેલીને ઊભી રહી. એને લાગ્યું કે જાણે સદીઓથી એ બારીને અઢેલીને ઊભી છે ને બારીના કાચની બહારની સપાટી પર કોઈએ આવજે કહેતો એક હાથ જડી દીધો છે! કોઈ ભયાનક દૃશ્ય જોઈને છળી ઊઠી હોય તેમ એ બારી પાસેથી ખસી ગઈ. બારણામાંથી કોઈએ સરકાવેલું એક પરબીડિયું એણે જમીન પર પડેલું જોયું. એની ઉપર મરોડદાર અક્ષરે તારીખ લખેલી હતી : 21/02/2001. પરબીડિયામાં લેતિઝિયાએ રંગીન સ્કૅચપેનથી જાતે બનાવેલું બર્થડે કાર્ડ હતું. સાથે એક ચબરખી પણ હતી. એમાં લખ્યું હતું : 'મારી વહાલી સુ, જન્મદિન મુબારક હો! આજે દિવસ સૂર્યપ્રકાશથી ઉજ્જ્વળ છે. ઇચ્છા થાય તો બાગમાં આવજે. હું સાડા આઠ સુધી રાહ જોઈશ – તારા પ્રિય વૃક્ષ નીચે, મારા પ્રિય બાંકડા પર અને હા, મારા માટે મસાલા ટી લાવવી ભૂલતી નહીં! - તારી ઝિયા.'

લેતિઝિયાને એ ઝિયા જ કહીને બોલાવતી. ઝિયા કાયમ કહેતી, 'આ ઝાડ તારા જેવું છે, પાંદડાં ન હોય ત્યારેય ભરપૂર છાંયડો આપે તેવું. અને હું આ બાંકડા જેવી છું, દુનિયાથી મોઢું ફેરવીને ઊભેલી, માથાની ફરેલી, સિત્તેરમે વરસે પણ બંડખોર!' સુમિત્રાના ચહેરા પર સ્મિત પ્રસરી ગયું. સામે પૂજામાં સુખડનો હાર પહેરેલા ત્રણ ચહેરા પણ હસતા હતા. એમાંથી એક હતો, સ્વર્ગસ્થ જટાશંકર વ્યાસનો ચહેરો. એમના ચહેરાને સંબોધીને સુમિત્રા મનોમન બોલી, 'બાપુજી, તમે સપનેય કલ્પના કરી હશે કે તમારી માથું બોડાવેલી પરવશ પુત્રવધૂ એક દિવસ બંડખોર ગોરી મૅમ સાથે બે'નપણાં કરશે, અને એની સાથે અંગ્રેજીમાં વાતો કરશે?'

બે કપ ચા થર્મોસમાં ભરીને, એ ઝટપટ બાગ તરફ ચાલી. ઝિયા રાહ જોતી હતી. બર્થડે વિશ કરવા ભેટતાં એની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. બંને સખીઓએ હરીભરી ખામોશીમાં સાથે ચા પીધી; પછી ઝિયાએ ઘડિયાળમાં જોતાં કહ્યું,

'મારે હવે જવું પડશે.' સસ્મિત હાથ ફરકાવતી સુમિત્રા બાંકડા પર બેસી રહી.

'પંચોતેરમી વર્ષગાંઠ મુબારક હો, ગોરાંદે!' આકાશગંગાને પેલે પારથી આવતો હોય તેવો ઝાંખો અવાજ સંભળાયો.

'એ કોણ?' સુમિત્રા બહાવરી બનીને આસપાસ જોવા લાગી.

'બસ, ભૂલી ગયાં ને?'

સુમિત્રાને ખાતરી થઈ ગઈ, એ અવાજ દામોદરનો હતો. અઢાર વરસની ઉંમરે ઘરઘર રમતાં હોય તેવા એમના સંસારનો વરરાજા – દામોદર. 1944ની સાલમાં થયેલું એમનું લગ્ન. આઝાદીની ચળવળ ત્યારે ચરમસીમા ઉપર હતી. દામોદર બાજુના શહેરની કૉલેજમાં ભણતો. સુમિત્રાને મળવા એ વારંવાર ઘરે દોડી આવતો, ત્યારે સુમિત્રાથી એને આવકારવા આગલે બારણે જઈ શકાતું નહીં. દામોદરે પણ આખો દિવસ બાપુજી પાસે દીવાનખંડમાં બેસી રહેવું પડતું. છેક રાતે બંનેની મુલાકાત થતી. દામોદર એના પ્રત્યે ખૂબ સ્નેહભાવ રાખતો.

એ પૂછતી, 'દર મહિને ટિકિટભાડાના પૈસા ક્યાંથી લાવો છો?'

'એમાં શું? એકાદ અઠવાડિયું એકટાણાં કર્યાં કે રોકડા પૈસા હાજર!' દામોદર ભોળા ભાવથી કહેતો.

ઘરનો રિવાજ એવો કે દામોદર પાછો જાય, ત્યારે પણ આવજો કહેવા સુમિત્રાથી બારણે ન જવાય. કોઈનેય ખબર ન પડે તેમ એ છેલ્લે ઓરડે, પાછલી ગલીમાં પડતી બારી પાસે ઊભી રહી જતી. વડીલોની વિદાય લીધા પછી, દામોદર છાનોમાનો પાછલી ગલીમાં વળી જતો, ને કોઈ જોઈ ન જાય તેમ બારીમાં ઊભેલી સુમિત્રાને હાથ ફરકાવીને આવજો કરતો જતો. પંચાવન વર્ષ પહેલાં એક દિવસ આમ જ પાછલી બારીએથી આવજે કહીને ગયો તે ગયો, પછી ક્યારેય જોવા ન મળ્યો, એ દામોદર.

એના હૈયાની રાખ નીચે ધીમું બળતો દામોદરનો હાથ જાણે સળવળવા લાગ્યો.

'ના, કશુંય ભુલાયું નથી. જુઓ ને તમારો હાથ હજીય મારા હૈયામાં સળગી રહ્યો છે!' સુમિત્રા નિર્લેપભાવે બોલી.

'બહુ રીસ ચડી હશે મારા પર નહીં?'

'રીસ તો શું હોય? પણ તમને શું થઈ ગયેલું, તે જાણવાનો કે છેલવેલ્લું જોઈ શકવાનો અધિકાર પણ તમારા ઘરમાં મને ન મળ્યો એનો વસવસો ભુલાતો નથી.'

કબર તોડીને નીકળી આવેલા પ્રેત જેવો એ ગોઝારો દિવસ સુમિત્રાની આંખ સામે ધસી આવ્યો. દામોદરનું ભણવાનું પૂરું થઈ ગયું હતું, પણ એને નોકરી મળતી નહોતી. નબળી આર્થિક સ્થિતિનો ભાર ખેંચીને થાકી ગયેલા જટાશંકરની ધીરજનો અંત આવી ગયો હતો. આખો દિવસ એમના મહેણાંટોણા ઝીલીને ઝંખવાઈ ગયેલો દામોદરનો ચહેરો સુમિત્રાથી જોવાતો નહીં. ચિંતાતુર દામોદરને એ એટલુંય ન કહી શકી હતી કે એ મા બનવાની હતી. 'ભણીભણીને શું ઉકાળ્યું?' એમ દિવસમાં દસ વાર સંભળાવતા સસરાજીને એમ કહેવાનું એને મન થતું કે મળી જશે નોકરી. એ કાંઈ ઓછા ધક્કાધોડા કરે છે? કોઈ હાથે કરીને થોડું ઘેર બેસી રહેતું હશે? જરાક તો જીવ હેઠો મૂકો! જોતા નથી, તમારાં કડવાં વેણ ખમતાં એમને ગળે રોટલોય ઊતરતો નથી! પણ એનાથી ચૂંકારોય કરી શકાતો નહીં. દામોદર અઠવાડિયાથી નોકરી શોધવા મામાને ગામ ગયો હતો. એની રાહ જોતી અને ભાવિ જીવનનાં સપનાં જોતી એ બેઠી હતી, ત્યાં જ એક તાર અવેલો. તાર વાંચતાં કાળોમેશ થઈ ગયેલો બાપુજીનો ચહેરો જોઈને એ અમંગળ શંકાઓથી ઘેરાઈ ગયેલી. બાપુજીને તાબડતોબ મામાને ત્યાં જવા તૈયાર થતા જોયા, ત્યારે એનાથી રહેવાયું નહોતું. ઘૂમટો તાણતી એ ઉંબરે આડી ઊભી રહીને બોલેલી :

'એ ખેમકુશળ તો છે ને? કેમ કોઈ કાંઈ બોલતું નથી? હું તમને પગે પડું છું. મારા પર દયા કરો. મને તમારી સાથે લઈ જાવ!'

સસરાજી મોટા ખોંખારાથી જાણે એને હડસેલી મૂકતા હોય, તેમ ઉંબરો ઓળંગીને ચાલ્યા ગયેલા અને એ સમસમીને રહી ગઈ હતી. આ ઘરમાં એની હેસિયત એક તણખલા જેટલી પણ નથી એની ખાતરી થઈ, ત્યારે

એની સાથે પોતાનું કહી શકાય એવું કોઈ નહોતું. નિર્દય રીતરિવાજો સામે બંડ પોકારવાની શક્તિ પણ એનામાં ક્યાં હતી તે દિવસે?

બરાબર ત્રીજે દિવસે જટાશંકર ઘરે પાછા ફરેલા. ખાલીખમ હાથ અને વેરાન હૈયું લઈને! ત્રણ દિવસમાં એમની ઉંમર ત્રીસ વરસ વધી ગઈ હોય તેવું લાગેલું. સાસુમાની ને એમની ગુસપુસ આખો દિવસ ચાલ્યા કરતી. સાસુજી તો ખરખરો કરવા આવતા લોક સામે વારંવાર પોક મૂકીને રડી લેતાં, અને એમ મન હળવું કરી લેતાં, પણ સુમિત્રાનાં આંસુઓને ક્યાં કોઈનોય આધાર હતો? ગયા ત્યારે તો સાવ સાજાસારા હતા, આમ અચાનક એમને શું થઈ ગયું? કેમ એમની અંત્યેષ્ટિ ત્યાં જ પતાવી દેવામાં આવી? કેમ બાને ને એને મામાને ત્યાં આખરી દર્શન માટે પણ ન લઈ જવામાં આવ્યાં? સસરાજી અંતિમ સંસ્કાર પતાવીને પાછા ફર્યા ત્યાં સુધી કેમ મૃત્યુના સમાચાર છુપાવી રાખવામાં આવ્યા? સુમિત્રા સાસુજી પાસે કરગરી-કરગરીને થાકી, પણ સાસુમાએ એના એક પણ પ્રશ્નનો જવાબ ન આપ્યો તે ન જ આપ્યો. એના લાચાર પ્રશ્નો છેલ્લા ઓરડાની દીવાલો સાથે અફળાઈ-અફળાઈને લગાતાર તૂટતા રહ્યા.

‘બહુ વીત્યું હશે તમારા પર નહીં?’ અવાજમાં રણની રાત જેવી શીતળતા હતી.

‘દુઃખની પણ આદત પડી જતી હોય છે, દામોદર! એક સમય પછી સુખ ને દુઃખ બધું સરખું જ લાગવા લાગે. બંનેને જુદાં તારવવાની ઇચ્છા જ હણાઈ જાય જાણે!’ કહેતાં એ અસ્વસ્થ થઈ ગઈ. બારીની અંદર બનેલી ઘટનાઓ એની આંખ સામે ભૂતાવળની જેમ નાચવા લાગી. પથ્થર પર તૂટતી કાચની બંગડીનો ચિત્કાર, માથા પર ખચ્ખચ્ ફરતી કાતરથી કપાઈને જમીન પર પડતા વાળના ગુચ્છા સાથે સરી પડેલો સુખનો સહવાસ, દાયણે તેલિયા હાથે કાપેલી નાળ સાથે આભ ફાડીને વરસી આવ્યો હોય તેવો આશિષના પહેલા રુદનનો અવાજ, લાચારીની સપાટી પર તરી આવેલું બાળક ખાતર જીવી જવાનું ઝનૂન, દૂઝતા જખમોને ઢાંકતી સમયની અગણિત પરતો!

‘બહુ એકલું લાગતું હશે, નહીં?’ અવાજમાં ઝલઝલતો કંપ વર્તાયો.

‘એકલું તો શેનું લાગે? આશિષનો હર્યોભર્યો સંસાર છે. ગયે વરસે એના

છોકરાનેય પરણાવ્યો. બધાં અવારનવાર મળવા આવે છે. વારેતહેવારે ઘરે પણ લઈ જાય છે. બસ, એક તમારા વિના જીવી નહીં શકાય એવું શરૂઆતમાં લાગતું હતું, પણ આખરે એય આવડી ગયું!'

'બહુ દૂભવ્યા લાગે છે, તમને આશિષે.' અવાજે ભાલા જેવો તીણો સવાલ ફેંક્યો.

'ના, ના, એવો વિચાર પણ તમને કેમ આવ્યો? એ તો પોતે જ જનમનો દુભાયેલો છે. એ મને શું દૂભવવાનો હતો? બાળકમાંથી પુરુષ બનવા માટે બાપની હૂંફ જરૂરી હોય છે, દામોદર! ને હું અભાગણી તો પૂરી મા પણ ન બની શકી. ડગલે ને પગલે એણે પોતાની જાત સાથે લડવું પડ્યું. અડધો રોટલો ખાઈને વીતેલું બાળપણ, જૂના ફાટેલા ચોપડે મળેલું ભણતર... તોય મોટો ડૉક્ટર થયો, અહીં પરદેશ સુધી પહોંચ્યો, ને મોટું નામ કમાયો – એ કાંઈ જેવી તેવી વાત છે?'

'પણ તમે આમ હોમમાં એકલાં પડ્યાં છો – મને કાંઈ ઠીક નથી લાગતું. દિલના દુઃખને તમે મારાથી પણ છુપાવી રહ્યાં છો, ગોરાંદે!'

'તમારાથી કશું છુપાવતી નથી, એટલે જ કહું છું : હું અહીં સુખી છું. તમે માની ન શકો એટલી સુખી! ખરું કહું તો આશિષના હાઉસમાં બહુ મૂંઝારો થતો હતો. બારીઓ બધી જ ચપોચપ બંધ. એને ખોલી પણ ન શકાય. બારીમાંથી બહાર જોવા જાઉં તો બસ, તમારો હાથ જ દેખાયા કરે. અહીં મોકળાશ છે દામોદર, મન થાય ત્યારે બારીને ખોલી શકાય, ને મન થાય ત્યારે એને બંધ પણ કરી શકાય. મન થાય ત્યારે અહીં ઉંબરો ઓળંગી શકાય છે ને મન થાય ત્યારે પાછુંય ફરી શકાય છે!'

એક પરિતોષ સાથે અવાજ ફરી એક વાર અનંતની યાત્રાએ નીકળી ગયો. ન એણે આવજો કહ્યું, ન એણે હાથ ફરકાવ્યો! સુમિત્રા ઊઠીને રૂમ પર પાછી ફરી. બારીના સ્વચ્છ કાચમાંથી એણે જોયું કે માળી ફૂલોના રોપાઓને ક્યારીઓમાં રોપી રહ્યો હતો અને સામેના બાંકડા પર સવાર-સાંજ આકાશને તાકીને બેસી રહેતા પીટરની પાણી જેવા રંગની આંખોમાં સૂર્યનાં કિરણો તરવરી રહ્યાં હતાં.

●